# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/137 Dt. 14/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટિનમ હોલમાં 'હેલ્થ કોન્કલેવ ૨૦૨૫' યોજાઇ, ૧૦૦૦થી વધુ લોકો પ્રિવેન્ટીવ હેલ્થની જાણકારી મેળવવા ઉપસ્થિત રહયા

**ભારતમાં ૬૦ ટકા મૃત્યૃ નોન કોમ્યુનિકેબલ ડિસીઝને કારણે થાય છે, અત્યારે દેશમાં ૧૧ કરોડ લોકો ડાયાબિટીસની સાથે જીવી રહયા છે ત્યારે પ્રિવેન્ટીવ હેલ્થને પ્રોત્સાહન આપવા ચેમ્બરે હેલ્થ કોન્કલેવનું આયોજન કર્યું હતું : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**

**૪૦ ઉંમર પછી રોજ ૪૦ મિનિટ ચાલશો નહીં તો કયાંય નહીં ચાલો : ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના નેશનલ પ્રેસિડેન્ટ ઇલેકટ ડો. અનિલ નાયક**

**ઓબેસિટીના કારણે શરીર વિવિધ રોગોનું ઘર બની જાય છે, આથી સ્વસ્થ જીવનશૈલિ, સંતુલિત ખોરાક, નિયમિત વ્યાયામ, પુરતી ઊંઘ અને માનસિક સ્વાસ્થ્યનું ઘ્યાન રાખવું જરૂરી છે : લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગિતાબેન પાટીલ**

**અત્યારે ફિઝિકલ અને મેન્ટલ સ્ટ્રેસ વધી રહયા છે, સાથે જ ઓબેસિટી અને કુપોષણ બંને પણ વધી રહયા છે ત્યારે સ્વસ્થ સમાજ માટે ઇન્ડસ્ટ્રીનો સહયોગ જરૂરી બની જાય છે : ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડો. મેહુલ શાહ**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે હેલ્થ કોન્કલેવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના નેશનલ પ્રેસિડેન્ટ ઇલેકટ ડો. અનિલ નાયક મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગિતાબેન પાટીલ, ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડો. મેહુલ શાહ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોર સિંહ ચાવડા અને હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. કે.સી. પોરિયાએ અતિથિ વિશેષ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું.

હેલ્થ કોન્કલેવમાં ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડિયન મેડિકલ એસોસીએશન વચ્ચે MoU થયા હતા. આ સમજૂતિ કરારમાં સુરતમાં એઇમ્સ કક્ષાની હોસ્પિટલ લાવવા માટે સંયુકતપણે પ્રયાસ કરાશે, ઇન્ડસ્ટ્રીયલ વર્કરોના આરોગ્યને વધારવા માટે સંયુકતપણે પ્રયાસ કરાશે અને સાથે જ પાંચ હજાર ટીબી પેશન્ટોને દત્તક લેવાનો નિર્ધાર કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ભારતમાં ૬૦ ટકા મૃત્યૃ નોન કોમ્યુનિકેબલ ડિસીઝ જેવી કે ડાયાબિટીસ, હાઇપર ટેન્શન, કાર્ડિયોવોસ્કયુલર ડિસીઝ, કેન્સર અને રેસ્પરેટરી ઇલનેસને કારણે થાય છે. ભારતમાં અત્યારે ૧૧ કરોડ લોકો ડાયાબિટીસની સાથે જીવી રહયા છે ત્યારે પ્રિવેન્ટીવ હેલ્થને પ્રોત્સાહન આપવાના હેતુથી હેલ્થ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના નેશનલ પ્રેસિડેન્ટ ઇલેકટ ડો. અનિલ નાયકે જણાવ્યું હતું કે, જીવનમાં રૂપિયા કમાવી શકાય છે પણ હેલ્થ સૌથી મહત્વની છે. ૪૦ ઊંમર પછી રોજ ૪૦ મિનિટ ચાલશો નહીં તો કયાંય નહી ચાલો. ખોરાક પણ માપનો હોવો જોઇએ. માનવી શરીર ૭૦ ટકા પાણીથી બનેલું છે, આથી ભરપુર માત્રામાં પાણી પીવું જોઇએ. ૮ કલાકની સારી ઊંઘ લેવી જોઇએ. ઉપવાસના રોજ લોકો સૌથી વધારે ખાય છે, પરંતુ ઉપવાસનો સાચો અર્થ અન્નનો ઉપવાસ નહીં પણ ભગવાનના નજીક આવવાને ઉપવાસ કહેવાય છે. તેમણે કહયું હતું કે, જો આપણે હેલ્થનું ધ્યાન રાખીશું તો કયારેક ડોકટરની જરૂર પડશે નહીં. તણાવથી મુકત રહેવું જોઇએ, કારણ કે, જે આપણી પાસે છે તે નફો જ છે. એટીટયુડ અને વ્યવહાર સારો રાખવો જોઇએ.

લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગિતાબેન પાટીલે જણાવ્યું હતું કે, જો વ્યકિત સ્વસ્થ નહીં હોય તો સમાજ નબળો પડી જાય છે. નબળો સમાજ ધરાવનાર દેશ કયારેય પ્રગતિ કરી શકે નહીં ત્યારે સમાજને સ્વસ્થ રાખવાનું કામ ડોકટરો કરી રહયા છે. તેમણે કહયું હતું કે, લોકોમાં સ્વસ્થ આરોગ્ય માટે જાગૃતિ લાવવાની જરૂર છે. ખાસ કરીને ગામડાઓમાં લોકોને મોટીવેટ કરવાની જરૂર છે. ઓબેસિટીના કારણે શરીર વિવિધ રોગોનું ઘર બની જાય છે, આથી સ્વસ્થ જીવનશૈલિ, સંતુલિત ખોરાક, નિયમિત વ્યાયામ, પુરતી ઊંઘ અને માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. તેમણે વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલી ફીટ ઇન્ડિયા મોમેન્ટ વિષે પણ માહિતી આપી હતી. વધુમાં તેમણે ગામડાઓમાં હેલ્થ કોન્કલેવ જેવા કાર્યક્રમો કરવાનું સૂચન કર્યુ હતું.

ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડો. મેહુલ શાહે જણાવ્યું હતું કે, અન્ન, શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધા નિઃશુલ્ક મળે ત્યારે સમાજ મજબુત બને છે. અત્યારે બહેનોનું આયુષ્ય ૭૨ અને ભાઇઓનું આયુષ્ય ૬૮ વર્ષનું છે. મેડિકલ ક્ષેત્રે તબીબી સંશોધન અને ઇન્ડસ્ટ્રીની ભૂમિકા મહત્વની છે. તબીબી વ્યવસાય અને

ઇન્ડસ્ટ્રી સાથે મળીને કામ કરે તો સમાજનું ઘડતર સારું થાય છે. અત્યારે ફિઝિકલ અને મેન્ટલ સ્ટ્રેસ વધી રહયા છે. સાથે જ ઓબેસિટી અને કુપોષણ બંને પણ વધી રહયા છે ત્યારે સ્વસ્થ સમાજ માટે ઇન્ડસ્ટ્રીનો સહયોગ જરૂરી બની જાય છે.

ડો. મેહુલ શાહે જણાવ્યું હતું કે, ઇન્ડસ્ટ્રી, કંપનીઓ અને લોકોના સમૂહોએ પોતાના કર્મચારીઓ તથા તેમના પરિવારજનોની જવાબદારી લેવી પડશે ત્યારે જ સમાજનું સ્વાસ્થ્ય વધારી શકાય તેમ છે. ઉદ્યોગોએ ઇન્ડસ્ટ્રીયલ વર્કરોના તથા તેમના પરિવારજનોના સ્વાસ્થ્યની જવાબદારી લેવી પડશે. એવામાં ઇન્ડસ્ટ્રીયલ વર્કરોમાં ટીબીયુકત પેશન્ટોની સારવારની જવાબદારી ઉપાડવાની ચેમ્બરે જે પહેલ કરી છે તે કાબિલેદાદ છે. ઉદ્યોગો આવું કરશે તો ગુજરાત જ નહીં પણ આખા દેશને દિશાચિન્ટ આપી શકીશું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોર સિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, મનની સમસ્યાને કારણે જ બધી સમસ્યાઓ ઉભી થાય છે. સિનિયર સિટીઝનને મેડિકલની સૌથી વધારે જરૂરિયાત હોય છે. અત્યારે દરેક ઘરનો મેડિકલ ખર્ચ ઓછો છે પણ ભવિષ્યમાં આ ખર્ચ સૌથી વધારે થઇ જશે, આથી ભારતીય સંસ્કૃતિ મુજબ વર્તીશું તો ભવિષ્યમાં આ સમસ્યા નહીં થશે. બધાએ શુદ્ધ વાતાવરણ માટે પ્રયાસ કરવો પડશે.

હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. કે.સી. પોરિયાએ જણાવ્યું હતું કે, કોરોનાના સમયે ભારત શું છે તે વિશ્વને સમજાઇ ગયું હતું. ભારતે પોતાના દેશવાસીઓની સાથે સાથે અન્ય દેશોના લોકોના જાન બચાવવા માટે સરાહનીય કામ કર્યું છે. ગુજરાત હવે મેડિકલ હબ બનવા જઇ રહયું છે ત્યારે મેડિકલ ક્ષેત્રે એથિકલી પણ મહત્વ આપવાની જરૂર છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, સમાજમાં ડોકટર્સ અને પેશન્ટ રિલેશનશિપ સુધરે અને તેઓની વચ્ચે વિશ્વાસ વધે તેના માટે ડોકટર્સ અને પેશન્ટ રિલેશનશિપ પર પેનલ ડિસ્કશન યોજાયું હતું, જેમાં પેશન્ટને પડતી તકલીફો, દર્દીના વિચારો, તેઓની અપેક્ષાઓ તથા ડોકટર્સની તકલીફો અને તેઓને પ્રેકટીસમાં પડતી ચેલેન્જીસ વિષે ચર્ચા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

અમદાવાદની Marengo CIMS હોસ્પિટલના ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડો. અનિશ ચંદરાણાએ પ્રિવેન્ટીવ હેલ્થ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટીના મેમ્બર તેમજ વેસ્ટર્ન ઇન્ડિયાના ઓથર, મનોચિકિત્સક તેમજ રિલેશનશિપ એક્ષ્પર્ટ ડો. હંસલ ભચેચ આર્ટ ઓફ હિલીંગ વિષે માહિતી આપી હતી.

ઇન્ડસ્ટ્રી કારીગરોની હેલ્થ સુધારવા માટે નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓકયુપેશનલ હેલ્થ સાયન્સના ચેરમેન ડો. ભાવેશ મોદીએ ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ વિષે વિસ્તૃત જાણકારી સાથે ઉદ્યોગોને માર્ગદર્શન આપ્યું હતું.

ફેડરેશન ઓફ ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન ઓફ ઇન્ડિયાના ડો. પ્રગ્નેશ વચ્છરાજાની હેલ્થકેર ટેકનોલોજી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્‌ઘાટન સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધી, મેડિકલ સર્વિસિસ AMNSના સિનિયર કન્સલ્ટન્ટ ફિઝિશ્યન એન્ડ ચીફ ડો. મુકુર પેટ્રોલવાલા, મનોચિકિત્સક ડો. મુકુલ ચોકસી, પલ્મોનોલોજિસ્ટ, થોરેસિક (ચેસ્ટ) સર્જન એન્ડ ટ્યુબરકયુલસ એન્ડ ચેસ્ટ ડિસિસ સ્પેશ્યાલિસ્ટ ડો. સમિર ગામી, ડો. ધિરેન પટેલ, ડો. મુકેશ જગીવાલા, ડો. સોનિયા ચંદાની, ડો. વિકાસબેન દેસાઇ, ડો. એસ.કે. મોહંતિ, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને તબીબી મિત્રો કોન્કલેવમાં ઉપસ્થિત રહયા હતા. અંતે ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના વાઇસ ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ કન્કલુડિંગ રિમાર્કસ આપી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.